ઓગષ્ટ ૨૦૧૬

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## નમ્રતા



## સંપાદકીય

બાળમિત્રો,

નમે તે સૌને ગમે. નાનપણથી આપણે આ કહેવત સાંભળતા આવ્યા છીએ. પણ નમવું એટલું શું ? શું આપણે ખરેખર આ કહેવતને સમજ્યા છીએ ? જો હા, તો આ અંક વાંચીને આપણે તાળો મેળવીએ કે આપણે સમજેલું કેટલું યોગ્ય છે ? અને ન સમજ્યા હોઈએ તો આ અંક વાંચીને સમજીએ.

પરમ પૂજ્ય દાદાશ્રીએ આ અંકમાં નમ્રતા કોને કહેવાય ? એના લક્ષણો વગેરેની વાતો કરી છેતો આવો, આપણે પણ આ અંક વાંચીને નમ્રતા તરફ વળીએ.

- ડીમ્પલ મહેતા

# નમ્રતા


**Printed & Published by**

**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Owned by**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

**Published at**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**તંત્રી તથા સંપાદક:**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૮, અંક : ૧૨
સળંગ અંક : ૯૬
***ઓગષ્ટ ૨૦૧૬***



**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
**email:akramexpress@dadabhagwan.org**
**Website: kids.dadabhagwan.org**


# *અક્રમ એક્સપ્રેસ*


લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# દાદાજી કહે છે...

નમ્ર એટલે શું? કે સામો વેંત નમે ત્યાર પહેલાં પોતે આખોય નમી જાય. કોઈ તેની જોડે અકડાઈ કરે તો ય પેલો નમે. બાકી, મનુષ્યનો સ્વભાવ કેવો? સામો અકડાઈ કરતો હોય તો એ પણ અકડાઈ કરે, પણ ત્યાં ય નમે તો એ મોક્ષે જવાની નિશાની કહેવાય.

આ અમને કોઈ કહે, 'દાદા, આ બધાને પગે લાગો.' તો હું બધાને પાંચ-પાંચ વખત પગે લાગી આવું. અમે તો નોકરને ય પગે લાગીએ. એટલે નમ્રતા હોવી જોઈએ. જે એવો નમ્ર થયેલો હોય તેનું કલ્યાણ થશે.

અહંકાર એ મોટામાં મોટી નબળાઈ છે. તમે ગમે તેટલા ગુણવાન હો, તો ય તમારામાં નમ્રતા આવવી જોઈએ. ઈગોઈઝમ એટલે છલકાયો! છલકાયો એટલે યુઝલેસ (નકામો) કહેવાય! અહંકાર એ જ અધૂરાપણું!

હું અહીં વાત કરું ને સામો ઉગ્ર થાય એટલે હું તરત સમજી જાઉં કે મારું ખોટું છે. તદ્દન, હંડ્રેડ પરસન્ટ (૧૦૦ ટકા) ખોટું છે, એટલે હું પછી એવું ના કહું કે આને સમજણ નથી તેથી ઉગ્ર થાય છે. મારી જ ભૂલ છે.

કોઈ અમને અમારી ભૂલ બતાવે તો અમે તરત જ સ્વીકારી લઈએ. કોઈ કહે કે 'આ તમારી ભૂલ છે' તો અમે કહીએ કે 'હા ભાઈ, તે અમને ભૂલ બતાડી તો તારો ઉપકાર.' આપણે તો જાણીએ કે જે ભૂલ આપણને દેખાતી નહોતી, એ ભૂલ એણે બતાવી આપી માટે એનો ઉપકાર.

# આ તો નવી જ વાત !



અહંકારી નમે શી રીતે ? હવે હું ના નમું,
એ પાછી એક નબળાઈ છે.

ઊંચું કુળ હોય અને અહંકાર કરે કુળનો, તો નીચા કુળમાં જન્મ થાય, બીજી વાર એને નીચું કુળ હોય અને નમ્રતા કેળવે તો ઊંચા કુળમાં આવે.





ગુણવાન ક્યારે કહેવાય કે એ
નમ્રતાથી ભરેલો હોવો જોઈએ.

જ્યાં અક્કડ
થવાની જગ્યા
હોય ત્યાં નમ્ર
થાય, એનું નામ
ખાનદાની. જેમ
નમ્રતા વધારે
થાય તેમ
ખાનદાની ઊંચી.



માણસ જેમ જેમ મોટો
બનતો જાય તેમ નમ્ર
વધારે હોય, અકડાઈ ના
હોય. અકડાઈ તો હલકા
માણસમાં હોય.



# નમ્રતા

"'નમે તે સહુને ગમે' એટલે શું દાદી ?" સ્કૂલથી આવીને ખુશી દોડતી દોડતી સીધી દાદીના રૂમમાં ગઈ. સ્કૂલબેગ મુકતા બોલી "અમારે કાલે ક્લાસમાં એ વિષે બોલવાનું છે."

ચોપડી માંથી મોઢું બહાર કાઢીને દાદીએ ખુશી સામે જોયું.

ખુશી બોલી, "નાનાઓ મોટાઓને પગે લાગે તે જ નમ્રતાને ?"

દાદી હસીને બોલ્યાં, "એટલું જ નહીં, નમ્રતા એથી બહુ આગળ છે. એ ફક્ત નાનાઓએ જ નહીં પણ મોટાઓએ પણ કેળવવા જેવો સર્વ શ્રેષ્ઠ ગુણ છે. સૌથી વધુ શક્તિશાળી અને સમર્થ પુરૂષોમાં આ ગુણ અચૂક હોય છે."

"વધુ શક્તિશાળીમાં આ ગુણ વધારે હોય ?" ખુશીને સાંભળીને આશ્ચર્ય થયું.

દાદી ચોપડી બંધ કરી, આંખે લગાડી બાજુએ મુકતા બોલ્યા, "બાકી નમ્રતા વગર બાકીના બધા ગુણો નકામા. નમ્રતાનો એક ગુણ માણસને ઉત્તમ બનાવે છે, વાણી અને વર્તનમાં મીઠાશ ઉમેરે છે. ઘણી વખત શક્તિ અને સામર્થ્ય હોવા છતાં નમ્રતા દાખવવાથી કઠોરમાં કઠોરનું પણ દિલ જીતી શકાય છે, સંઘર્ષ ટાળી શકાય છે.



"એટલું જ નહીં, નમ્રતા એથી બહુ આગળ છે. એ ફક્ત નાનાઓએ જ નહીં પણ મોટાઓએ પણ કેળવવા જેવો સર્વ શ્રેષ્ઠ ગુણ છે."

જેમ તરસ્યા માણસની સામે વિશાળ સાગર હોય તો યે તદ્દન ખારો અને તેથી નકામો. એના માટે તો એક લોટો યે મીઠા પાણીનો વધારે મુલ્યવાન છે.''

ખુશી પલાઠી વાળીને દાદીની બાજુમાં બેસી ગઈ. દાદીએ ઊમેર્યું, ''જો સામો અકડાઈ કરે તોયે આપણે નરમાશથી જ વર્તવું. પેલો વેંત નમે એ પહેલા આપણે આખા નમી જવું. જેમ જે ડાળી પર ફળ લાગે તે નમી જાય, તેમ માણસમાં પણ જેમ જેમ વધુ લાયકાત આવે તેમ તેમ વધુ નમ્રતા આવવી જોઈએ.''

''ઓહો દાદી, ''તમે તો બહુ ઊંચુ ઊંચુ બોલો છો. મને સમજાય એવી રીતે કહોને'' ખુશી માથુ ખંજવાળતા બોલી.

''સારું...તને હનુમાનજીની એક વાર્તા કહું.'' દાદીએ યાદ કરતા કહ્યું, સાંભળ..

એકવાર હનુમાનજી સીતાજીની શોધમાં સાગર ઉપરથી પસાર થઈ લંકા તરફ જઈ રહ્યા હતા. સાગરની વચ્ચે સુરસા નામની એક ભયંકર વિશાળકાય રાક્ષસી સમુદ્રમાંથી પ્રગટ થઈ એમને રોકતા બોલી, ''કોણ છે તું મુર્ખ ? થોભી જા. આ મારો પ્રદેશ છે, સુરસા પ્રદેશ. અહીંથી કોઈ મારી મરજી વગર પસાર ના થઈ શકે અને જો જાય તો ફક્ત મારા મુખમાં જ. મારા પ્રદેશથી કોઈ પણ પ્રાણી, પક્ષી કે મત્સ્ય જીવતું જાય નહીં તેની ખબર નથી ?''

હનુમાનજી થોભ્યા અને બે હાથ જોડીને શિષ્ટતાથી પોતાનો પરિચય આપ્યો, ''પ્રણામ માતા, હું પવનપુત્ર હનુમાન પ્રભુ શ્રીરામનો પરમ ભક્ત અને સેવક છું. સીતા મૈયાની શોધમાં હું પણ મારું યોગદાન આપી રહ્યો છું. એમનું હરણ થયું છે અને એ લંકામાં છે એવા સમાચાર મળ્યા છે. તેથી લંકા જઈ રહ્યો છું. લંકા જવા માટે આ જ એક માત્ર માર્ગ છે. તમારા પ્રદેશમાંથી તમારી પરવાનગી વગર પસાર થવા માટે ક્ષમા માંગું છું. તમારો અનાદર



કરવાનો મારો કોઈ ઈરાદો નથી. કૃપા કરી મને રજા આપો માતા.''

સુરસા વધારે અક્કડ થઈને જોરથી ફુંકારીને બોલી, ''હું એ કોઈને જાણતી નથી. મને કોઈ રસ નથી તારા કે તારા પ્રભુ શ્રીરામ વિષે જાણવામાં. તારે તો હવે બસ મારા મુખમાં જ જવું પડશે. તારો એક માત્ર માર્ગ મારા મુખમાં જ જાય છે. એમાંથી જો જીવતો બહાર આવી શકે તો બીજે કશે જઈ શકશે. તૈયાર થઈ જા તુચ્છ વાનર.''

હનુમાનજી તો અત્યંત શક્તિશાળી. એ ધારે તો ક્ષણવારમાં જ સુરસાને પરાસ્ત કરીને આગળ જઈ શકત પણ એ અત્યંત ગુણવાન પણ ખરા. વિનમ્રતા ક્યારેય ના છોડે.

ફરીવાર એમણે વધુ નમ્રતાથી વિનંતી કરી, ''માતા, હું સહર્ષ તમારા મુખમાં પ્રવેશી જાત પણ અત્યારે તો પ્રભુના કાર્યમાં અડચણ બનીને જો મૃત્યુ પણ આવે તો એ પણ મારાથી ના સ્વીકારી શકાય. એકવાર પ્રભુનું કાર્ય જે માથે લીધું છે તે પાર પડી જાય પછી સુખેથી મને આરોગજો. હું મારી જાતે તમારી સમક્ષ હાજર થઈ જઈશ. વચન આપું છું. અત્યારે હું આદર સાથે તમને વિનંતી કરું છું કે મને કૃપા કરી લંકા જવાની રજા આપો, માતા.''

સુરસાને હનુમાનજીની નમ્રતા જોઈને નવાઈ લાગી છતાં એમણે અક્કડાઈ ના છોડી, ''કોઈપણ પ્રાણી માટે કે કોઈપણ કારણથી મારો નિયમ નહીં તૂટે. તારે મારા મુખમાં પ્રવેશવું જ પડશે.''

એમ કહીને સુરસાએ એનું કદ વધારી દીધું અને મુખ ખોલ્યું.

હનુમાનજીને થઈ ગયું કે અહીં વિનંતી ચાલવાની નથી અને અવિવેક કે અનાદર એમણે કરવો નહોતો. થોડું વિચારીને બોલ્યા, ''ઠીક છે માતા, તમે જો એમ ઈચ્છતા હોવ તો ભલે. હું તમારા મુખમાં પ્રવેશી જાઉં છું.''

એમ કહીને એ તો એકદમ નાના થવા માંડ્યા. હનુમાનજીએ એમનું કદ એક મગતરા જેટલું કરી દીધું. પછી એ સુરસાના મુખમાં પ્રવેશી ગયા.

હવે સુરસા મુખ બંધ કરવા માંડી. હનુમાનજી તરતજ બહાર આવી ગયાં અને સુરસાનું મુખ બંધ થઈ ગયું. પાછા મૂળ સ્વરૂપના કદમાં આવી જઈને ખુબ જ આદર ભાવથી બોલ્યા, ''માતા, તમારી ઈચ્છા પૂરી થઈ. તમારું માન રાખવા મેં બિલકુલ તમારા કહેવા પ્રમાણે તમારા મુખમાં પ્રવેશ કરી લીધો. હવે મને મહેરબાની કરીને મારા પ્રભુનું કાર્ય પૂર્ણ કરવા જવાની રજા આપો.''

આ વખતે સુરસાની બધી અક્કડાઈ ઓગળી ગઈ અને તૃપ્તતા આવી ગઈ. તે સ્મિત સાથે બોલી, ''વત્સ, તારી નમ્રતાએ મારું મન જીતી લીધું. તું તારે સુખેથી જા અને મારા આર્શીવાદ પણ લેતો જા. તારા જેવો ભક્ત પામીને તો ભગવાન પણ ધન્ય થઈ ગયા. જા, તને તારા પ્રયાસોમાં પૂર્ણ સફળતા પ્રાપ્ત થશે. વિજયી ભવ.''

''જોયું ને ખુશી, નમ્રતા કેટલી બધી અસરકારક છે ?દાદીએ વાર્તા પૂરી કરતા ખુશી સામે જોયું.

**''હનુમાનજીએ એમનું કદ એક મગતરા જેટલું કરી દીધું. પછી એ સુરસાના મુખમાં પ્રવેશી ગયા.''**

ખુશીના ચહેરા પર પણ સ્મિત ફરક્યું.

હવે દાદીએ આગળ સમજાવતા કહ્યું "મોટા મોટા તાડના ઝાડ ટટ્ટાર થઈને ઉભા હોય, નાના નાજુક તરણાઓની સામે રોફ મારતા હોય. પણ જ્યારે જોરદાર વાવાઝોડું આવેને ત્યારે એ ટટ્ટાર ઉભેલા તાડના ઝાડ જમીન દોસ્ત થઈ જાય છે અને પેલા હંમેશા નમીને રહેતા તરણા એમના એમ જ રહે છે. હવે સમજી દીકરા ?" ખુશીના ગાલે હાથ ફેરવીને દાદીએ પૂછ્યું.

"હવે તો બરાબર સમજી ગઈ દાદી" અને ખુશી દાદીને વહાલથી ભેટીને દોડી ગઈ.

બીજા દિવસે ક્લાસમાં ટીચરે બધાને પૂછ્યું, "કોણ નમ્રતા વિષે તૈયાર કરીને આવ્યું છે ? જે સૌથી સરસ બોલશે તેને આજનો સ્ટાર સ્ટુડન્ટ સ્ટીકર મળશે."

ઘણાં છોકરાંઓએ હાથ ઊંચા કર્યા. ખુશી ઉત્સાહમાં આવીને ઉભી થઈ ગઈ અને બોલી... "ટીચર, અને બોલી...ટીચર.. હું બોલું ?


ત્યાં તો એની બાજુમાં બેઠેલી નિશા મોઢું બગાડીને બોલી, "ના ખુશી, મેં તારા કરતા પહેલાં હાથ ઉંચો કર્યો છે. અને એમ પણ હું તારા કરતા વધારે હોંશિયાર છું એટલે મને પહેલો ચાન્સ મળવો જોઈએ."

ટીચર કશું કહે એ પહેલાં જ ખુશીએ હાથ નીચે લઈ લીધો અને બોલી, "ઓકે નિશા, તું પહેલા બોલ. તું મારી ફ્રેન્ડ છે. તું સ્ટીકર જીતશે તો ય મને એટલું જ ગમશે. મને કોઈ જ વાંધો નથી."


ટીચરે આશ્ચર્ય સાથે નિશાને બોલવાની રજા આપી. વારાફરતી બધા બોલ્યા.

છેલ્લે ટીચરે સ્ટીકર ખુશીને આપતા કહ્યું, "બધાએ તો નમ્રતાની વાત કરી પણ તેં ખરેખર નમ્રતાનો ગુણ સમજીને અપનાવી પણ લીધો. શાબાશ ખુશી. મને તારા પર ગર્વ છે."

આ સાંભળી નિશાને પણ એની ભૂલ સમજાઈ. એને ખુશી માટે માન ઉભું થયું અને સૌથી પહેલા તાળીઓ એણે શરૂ કરી. અને ક્લાસ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યો.



# પહેલું કોણ ?


પાંડવો તરફથી શાંતિ અને સમાધાનના બધા શક્ય પ્રયત્નો થઈ ગયા હોવા છતાંય દુર્યોધનને યુદ્ધ સિવાય કંઈ મંજુર નહોતું.
દુર્યોધન, કૃષ્ણની સેના અને કૃષ્ણ જેના પક્ષમાં જશે તે પક્ષ મજબુત થઈ જશે. કૃષ્ણને તો અર્જુન પ્રિય છે. માટે દીકરા તારે કૃષ્ણના મોટાભાઈ બલરામને રાજી કરવા પડશે.
એમને તો મેં મારા ગુરૂ બનાવીને વશ કરી લીધાં છે. બલરામ એમના પ્રિય શિષ્યને કદી અન્યાય નહીં થવા દે. અને કૃષ્ણએ મોટાભાઈની આજ્ઞા માનવી જ પડશે.
ત્યાર બાદ, દુર્યોધન અને શકુની બલરામને મળવા ગયા.
કૃષ્ણ કૌરવોને અન્યાય કરે છે. હું પાંડવોને હરાવી શકુ છું પણ દ્વારિકાનો સાથ મળે તો ઉત્તમ.
દુર્યોધન, કૃષ્ણ કે હું, કોઈના પણ પક્ષે યુદ્ધ નહીં કરીએ. પણ દ્વારિકાની સેના કોના પક્ષે લડશે એ તો કૃષ્ણ જ નક્કી કરશે. કૌરવોને અન્યાય નહીં થાય એનું હું વચન આપું છું.


આ વાત શ્રીકૃષ્ણે સાંભળી.
મોટાભાઈનું વચન એ જ મારું વચન છે. કાલે સવારે દુર્યોધન અને અર્જુનમાંથી જે મને પહેલા મળશે તેની માંગણી હું પૂરી કરીશ.
અર્જુનને શ્રીકૃષ્ણનો આ સંદેશો આપવામાં આવ્યો. બીજા દિવસે શ્રીકૃષ્ણ સૂતા હતા, ત્યારે દુર્યોધન એમના ખંડમાં પહોંચી ગયો.
હું પહેલા આવ્યો છું, એટલે કૃષ્ણને મારી માંગણી પહેલા પૂરી કરવી પડશે.
શ્રીકૃષ્ણના પલંગ પાસે બે દિવાન હતા. એક માથા તરફ અને એક પગ તરફ.
સૌથી શક્તિશાળી, કુરુરાષ્ટ્રનો યુવરાજ, હું ઊભો રહીને રાહ કેમ જોઉં ? મારા માટે જ તો આ આસનો છે. પગ પાસે બેસવાનું મને ના શોભે.એમ વિચારીને દુર્યોધન માથા પાસેના દિવાન ઉપર બેઠા.



ત્યાર બાદ, અર્જુન શ્રીકૃષ્ણના ખંડમાં આવ્યા. શ્રીકૃષ્ણના પગ પાસે ઊભા રહીને, બે હાથ જોડીને, એ શ્રીકૃષ્ણને નિહાળી રહ્યા હતા. ત્યાં તો એમની આંખ ખુલી.
પાર્થ ! તું ક્યારથી આમ હાથ જોડીને મારા પગ પાસે ઊભો છે ?
પ્રણામ માધવ ! વિંનંતી લઈને આવ્યો છું. મારી પ્રાર્થના છે કે.....
અર્જુનનું વાક્ય દુર્યોધને વચ્ચેથી જ કાપ્યું.
અર્જુન ! હું તારા કરતાં વહેલો આવ્યો છું. તારી નહીં, મારી માંગણી પહેલા પૂરી થવી જોઈએ.
ભાઈ દુર્યોધન ! તમે પણ છો ? મેં તો તમને જોયા જ નહીં.
હા ! અર્જુન તો મારા પછી આવ્યો. તો તમારે પહેલી તક એને નહીં, મને જ આપવી પડશે.
સાચી વાત. પણ મેં કહ્યું હતું કે જે મને પહેલા મળશે તેની માંગણી હું પૂરી કરીશ. મને પહેલા અર્જુન દેખાયો અને પછી તમે. તો ન્યાયની રીતે મારે અર્જુનને જ પહેલા તક આપવી પડે.


ભાઈ, દુર્યોધન મારા કરતા પહેલા આવ્યા હતા. પ્રભુ, એમને જો પહેલા તક મળશે, તો મને જરાય વાંધો નથી.
મોટાભાઈ બલરામે આપેલા વચન પ્રમાણે હું યુદ્ધ નહીં કરું. બોલો દુર્યોધન, શું જોઈએ છે તમને, મારી સેના કે હું ?
આ નિઃશસ્ત્ર કૃષ્ણને લઈને હું શું કરું ? એમની સેના લઈ લઉં તો મારી શક્તિ ઘણી વધી જશે.
મને તમારી સેના આપો.
ભલે. મારી સેના તમારા પક્ષથી યુદ્ધ કરશે.
છાતી ફુલાવીને દુર્યોધને અર્જુન સામે નજર કરી અને ખંડની બહાર ચાલ્યો ગયો.
માધવ, મારી તો એ જ પ્રાર્થના હતી કે તમે મારો હાથ ઝાલી લ્યો. મને તો આપની કુપા અને માર્ગદર્શનની જ જરૂર છે. આપના સાથ વગર હું શક્તિહીન અને દિશાહીન છું.
પાર્થ ! તારી નમ્રતાએ મને તારો સારથી બનવા બાંધી લીધો છે. કુરુક્ષેત્રમાં હું ક્ષણે ક્ષણે તારા પડખે રહીશ. ડગલે ને પગલે તારું માર્ગદર્શન કરીશ. ધર્મનો વિજય નિશ્ચિત છે.
અને પછી તો શું થયું એ જગ જાહેર છે. શ્રીકૃષ્ણની છત્ર છાયામાં રહીને પાંડવોએ કૌરવોનો મહાભારતના યુદ્ધમાં પરાજય કરીને, ધર્મરાજ્યની પુનઃસ્થાપના કરી. જોયું, કૃપા નમ્રતા અને વિનયથી પ્રાપ્ત થાય, અક્કડાઈથી નહીં.



# ઐતિહાસિક ગૌરવગાથાઓ

સોરઠના વંથલી ગામમાં એક મોટા વેપારી હતા. નામ એમનું સવચંદ. ધંધો ધમધોકાર ચાલે. પરદેશથી માલ આવે અને પરદેશ માલ વહાણો ભરી ભરીને મોકલે.

એક વાર એમના બાર વહાણો માલ લઈને પરદેશથી આવતા હતા. ઘણો વખત થઈ ગયો પણ પાછા ન આવ્યા. શેઠે બે દિવસ-ચાર દિવસ એમ ને એમ રાહ જોઈ. બીજું એક અઠવાડિયું પણ નીકળી ગયું. પણ ન વહાણો પાછા આવ્યા કે ન વહાણના કોઈ સમાચાર મળ્યા.

સવચંદ શેઠ તો મહામુશ્કેલીમાં આવી ગયા. ગામમાં વાતો ચાલી. શેઠનાં બધા વહાણ ડૂબી ગયા છે. શેઠ દેવાળું કાઢશે. જેના જેના પૈસા શેઠ પાસે જમા હતા તેઓ ઉઘરાણીએ આવ્યા. પાસે હતું ત્યાં સુધી તો શેઠ આપતા ગયા. ખાસ રોકડ રહી નહીં, માંગરોળ ગામના ઠાકોર જેમને સવચંદ શેઠ સાથે સારા સારી હતી, તેમના રૂપિયા એક લાખ શેઠને ત્યાં જમા પડેલા. ઠાકોરના કુમારે ઠાકોરને વાત કરી, "જલદી જાવ. સવચંદ શેઠને ત્યાં પડેલા બધા રૂપિયા લઈ આવો. શેઠ નવડાવી નાખશે."

ઠાકોર પણ વહેમાયા. ઘોડી પર બેસી આવ્યા સવચંદ શેઠની પેઢી ઉપર. અને ઉઘરાણી કરતા કહ્યું, મારા દીકરાને પરદેશ જવું છે. બધા જ રૂપિયા તરત ને તરત આપો.

શેઠ જરા ગભરાયા. પૈસા જમે છે તે આપવા જ રહ્યા. શેઠે નમ્રતાથી ઠાકોરને જણાવ્યું, "ભાઈ રકમ મોટી છે, સગવડ કરતાં બે ત્રણ દહાડા લાગશે."

ઠાકોરે કહ્યું, હું પાછો ખાલી હાથે જઉં તો મારો કુમાર મારી સાથે ઝઘડો કરે, અને આપણી વચ્ચે

નકામા વહાલામાં વેર થશે.

શેઠ સમજી ગયા. પડતાને પાટું મારનારા ઘણા હોય છે. ઠાકોર સાથે વેર તો પોસાય નહીં. દેવું છે એ તો સાચું. આપવા જ છે. શું કરું ? રસ્તો તો કાઢવો જ રહ્યો.

વિચારતા વિચારતા એમને એક રસ્તો જડ્યો. અમદાવાદમાં એક મોટા સોમચંદ નામે એક વેપારી રહેતા હતા. ભારે આબરૂદાર અને વટ-વ્યવહાર સાચવનારા. પણ સવચંદ શેઠને એમની સાથે કોઈ લેવડ-દેવડનો વ્યવહાર નહીં. ફક્ત નામ જાણે. તેમના ઉપર હૂંડી લખવાનો વિચાર કર્યો અને ઠાકોરને કહ્યું. "જલદી જોઈતા હોય અમદાવાદ જાઓ, હું હૂંડી લખી આપું છું તે બતાવી તમારા રૂપિયા લઈ લેજો."

ઠાકોર કહે ભલે. લખી આપો. સવચંદ શેઠે નવકાર મંત્રનું સ્મરણ કરતાં કરતાં કલમ ઉઠાવી અને હૂંડી લખી. નરસિંહ મહેતાએ શામળ ગિરધારી શેઠ પર લખી હતી એવી.

શેઠે લખતાં લખી તો નાખી પણ મન વિચારે ચડ્યું. નથી સોમચંદ શેઠ સાથે કોઈ ઓળખાણ, નથી કોઈ પૈસાનો વ્યવહાર. શેઠ લાખ રૂપિયાની હૂંડી કેમ સ્વીકારશે ?

શેઠને છાતીમાં ડૂમો ભરાઈ ગયો. આંખમાં આંસુ આવી ગયાં, અને આંસુનાં ૨ ટીપાં હૂંડી પર પણ પડ્યાં. આંસુ પડેલાં તેની નીચેના અક્ષરો થોડા ભીંજાઈ જરાક પ્રસર્યા. ભગવાનનું નામ લઈ હૂંડી ઠાકોરને આપી.

ઠાકોર તો મારતી ઘોડીએ પહોંચ્યા અમદાવાદ. શેઠની જાણીતી પેઢી શોધતાં વાર ન લાગી. સોમચંદ અમીચંદ શેઠની પેઢી શોધી કાઢી અને શેઠની ગાદી પાસે આવી હૂંડી બતાવી.



શેઠ વિચારમાં પડી ગયા. આવું સવચંદ જેરામ નામનું કોઈ ખાતું હોવાનો ખ્યાલ નથી. આ કોની હૂંડી હશે ? કોણ લખનાર હશે ?

શેઠે મુનિમને પૂછ્યું, "વંથલીના સવચંદ શેઠનું ખાતું છે ? જુઓ."

મુનિમને આવા નામની કોઈ જાણ ન હતી પણ શેઠ પૂછે એટલે બરાબર ચોપડા જોઈ અડધા કલાકે શેઠને બાજુમાં બોલાવી ખાનગીમાં કહ્યું,

"ના શેઠ ! સવચંદ નામનું કોઈ ખાતું નથી. કોઈ વ્યવહાર આપણી સાથે નથી. તદ્દન અજાણ્યા ભાઈની આ હૂંડી છે."

શેઠે હૂંડી હાથમાં લીધી. બે-ત્રણ વખત વાંચી ગયા. અચાનક તેમનું ધ્યાન કાગળ ઉપર બે આંસુ પડ્યાં હતાં તે પર પડ્યું.


મૂળ જૈન વણિક. હૈયામાં જૈન સાધર્મિક પ્રત્યે લાગણી ઉભરાઈ. વસ્તુ સ્થિતિ મનમાં સમજી ગયા. ઠાકોરને ૨-૩ દિવસ રહેવા કહ્યું અને ઠાકોરને ચકાસ્યા કે કોઈ ધૂર્ત તો નથી ને. તપાસ કરતાં માલૂમ પડ્યું કે ઠાકોર, માણસ મોભાદાર છે, એ ધૂર્ત ન હોઈ શકે.

શેઠે ઠાકોરને બે દિવસ ઘરે રાખ્યા. ઉમદા પરોણાગત બે દિવસ કરી અને ત્રીજે દિવસે પેઢી ઉપર બોલાવી મુનિમને આજ્ઞા કરી કે "હૂંડીનાં નાણા એક લાખ રોકડા ઠાકોરને આપી દો."

મુનિમે તો ચક્કરવકર ડોળા કાઢતા કહ્યું, "આવું કોઈ ખાતું નથી. નાણા કેમ અપાય ? કોના ખાતે લખી આપું ?" શેઠે કહ્યું. "ખર્ચ ખાતે લખીને આપી દો."

મનમાં બબડતાં બબડતાં રૂપિયા એક લાખ ઠાકોરને ગણી આપ્યા. ઠાકોર તો રૂપિયા મળી ગયા એટલે હરખાતાં હરખાતાં પાછા આવ્યા વંથલી.

ક્રમશઃ



# મીઠી યાદેં



અડાલજના મંદીરની પ્રતિષ્ઠા વખતનો પ્રસંગ છે. તે વખતે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કર્યું હતું. એની જવાબદારી એક બ્રહ્મચારી ભાઈને સોંપી હતી. લગભગ ૨૦૦-૩૦૦ મીટર જેટલી શોભાયાત્રા ચાલી હશે. ત્યાં આર.ટી.ઓ.પાસે એક સ્ટોપ હતો., જ્યાં બધાએ ગરબા કરવાના હતા. ત્યાં નીરુમા માટે એક સ્ટેજ બનાવ્યું હતું. એની ફરતેચેભનથી બે સર્કલ બનાવ્યા હતા જે ખાલી હતા, એના પછી બધા મહાત્માઓ ગરબા લેવાના.

સ્ટેજ પર ચડીને નીરુમાએ જોયું તો મહાત્માઓ બધા એટલા બધા દૂર હતા કે વાતચીત તો નહીં પણ, જોવામાં-ઓળખવામાં પણ તકલીફ પડે. એટલામાં પેલો બ્રહ્મચારી ભાઈ બાઈક ઉપર ત્યાંથી પસાર થયો એટલે નીરૂમાએ એને ઊભો રાખ્યો. નીરુમા સ્ટેજ પરથી નીચે ઉતર્યા અને બાઈકની પાછળ બેસી ગયા. અને આખા સર્લમાં બાઈકના પાછળ બેસી નીરુએ ગરબા ગાતા બધા મહાત્માઓને દર્શન આપ્યા. બધી મહાત્માઓ પણ ઉલ્લાસમાં આવી ગયા.

પછી એમને એ ભાઈને કહ્યું કે, આવી રીતનું આયોજન ક્યારેય નહીં કરવાનું. મહાત્માઓ તો મારા દિલના ટુકડા છે, એમનાથી દૂર કઈ રીતના રહી શકાય.

નીરૂમાને મહાત્માઓ બહુ ગમે. એટલે કોઈ એમને મહાત્માઓથી દૂર રાખતું એ એમને જરાય પસંદ નહીં. અને મહાત્માઓ પણ એમનાથી દૂર નહોતા રહી શકતા, એ

લાગણીને પણ તેઓ બરાબર સમજતા હતા.

## નીરુમા એ નીરુમા !

# જીવંત ઉદાહરણ

દમાસ્કસ નામના શહેરમાં એક ત્રાસદાયક વૃદ્ધ રહેતો હતો. 'ઝાવિયા' નામની સુફી લોજ (સુફી સંતોનું રહેવાનું સ્થળ) પર તે રોજ પથ્થર ફેંકતો.

જ્યારે પણ એ વૃદ્ધ ઝાવિયા પર પથ્થર ફેંકતો, ત્યારે ઝાવિયામાં રહેતા સુફી ગુરૂ અબ્દઅર રહેમાન પોતાના શિષ્ય સીદી (જેમનું પૂરું નામ મુહંમદ સઈદ અલ જમાલ અર રફાઈ હતું) ને કહેતા, "આ વૃદ્ધ પર કરુણા રાખજો. એને ખોરાક જોઈએ તો ખોરાક આપજો. એને જે જોઈએ તો આપજો."

સીદી તેમના ગુરૂની સલાહ અનુસાર એ વૃદ્ધ માટે બધું પૂરું પાડતા. પણ તેમ છતાંય એ વૃદ્ધ પોતાના પુત્રોને ભેગા કરી, ઝાવિયા પર વધુ પથ્થરો ફેંકતો.

સીદીને ઘણી વાર નવાઈ લાગતી, "જે વ્યક્તિ પોતાના ઘર ઉપર આમ પથ્થરો ફેંકતી હોય, એનું બધું પૂરું પાડવામાં શું શાણપણ છે ?" પણ, છતાંય પોતાના ગુરૂના કહ્યા મુજબ સીદી વૃદ્ધને કપડાં, ખોરાક, પૈસા વગેરે આપતા. સીદીની મૂંઝવણ દૂર કરવા એના ગુરૂએ સીદીને કહ્યું, "આ વૃદ્ધના પથ્થર ફેંકવા પાછળ ઘણા સંદેશા છે."

એક દિવસ એ વૃદ્ધ બીમાર પડ્યો.



> "રડતાં રડતાં એણે દિલથી પોતાના કૃત્યોની અલ્લાહ પાસે ક્ષમા માંગી."

ગુરૂએ તેમના શિષ્ય સીદીને તેની પાસે મોકલ્યો.

"કોણ છે," વૃદ્ધે પૂછ્યું.

સીદીએ જ્યારે પોતાની ઓળખાણ આપી ત્યારે એ વૃદ્ધની આંખોમાંથી ચોધાર આંસુ સરી પડ્યા. રડતાં રડતાં એણે દિલથી પોતાના કૃત્યોની અલ્લાહ પાસે ક્ષમા માંગી.

ત્યાર બાદ થોડા દિવસોમાં જ એ વૃદ્ધ ઝાવીયામાં રહેવા આવી ગયો અને ગુરૂ અબ્દઅર રહેમાનનો શિષ્ય બની ગયો.

ઘણાં વર્ષો પછી, એક દિવસ સીદી એ વૃદ્ધને જોર્ડનમાં મળ્યા. તે સમયે એ વૃદ્ધની ઉંમર એક્સો પાંચ (૧૦૫) વર્ષની હતી. વૃદ્ધે સીદી સમક્ષ માફી માંગી, "સીદી, ઝાવિયા પર પથ્થરો ફેંકવા માટે મને માફ કરજો. પણ આજે મને એમ લાગે છે કે જો મેં એમ ના કર્યું હોત, તો હું ભગવાન સુધી પહોંચી ના શક્યો હોત. ગુરૂનો આશય સમજી ના શક્યો હોત."

વૃદ્ધની આ વાતથી સીદીને પણ પોતાના ગુરૂનો સંદેશ સમજાયો.

આ પ્રસંગ સીદીએ પોતાના પુસ્તકમાં એક ખજૂરીના વૃક્ષના ચિત્ર સાથે દર્શાવ્યો છે. આ ચિત્ર પાછળ સીદીનો સંદેશ છે કે, "ખજૂરીના વૃક્ષ જેવા બનો. ખજુરીના વૃક્ષ તરફ તમે કશું પણ ફેંકો, પણ બદલામાં તો એ તમને મીઠા ખજૂર જ આપે છે."

બાળમિત્રો, કેવો સુંદર સંદેશ છે ! વૃદ્ધના અસભ્ય વર્તન સામે પણ, સીદીએ પોતાના ગુરૂના કહ્યા અનુસાર નમ્રતા રાખી. અને છેવટે એ વૃદ્ધ પણ ગુરૂના આશરે આવી ગયા. કોઈ પણ વ્યક્તિ આપણી સાથે ગમે તેવું ખરાબ વર્તન કે અક્કડાઈ કરે પણ જો આપણે નમ્ર રહીશું, તો છેવટે જીત આપણી જ થશે !







## બ્રાઝિલ અને દુબઈના બાળકો સાથે પૂજ્યશ્રી...

Akram Express

**August 2016**
**Year : 8, Issue : 12**
**Conti. Issue No.: 96**

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month










<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.